નરેન્દ્ર મોદીના પશુપતિનાથ મંદિરમાં દર્શન

નેપાળના રાજપરિવારે મોદીને પૂજામાં સામેલ થવા માટેની મંજુરી આપી : ૨૫૦૦ કિલો ચંદન ટ્રસ્ટને દાનમાં અપાયું

કાઠમંડુ,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નેપાળમાં વિશ્વપ્રસિદ્ધ પશુપતિનાથ મંદિરમાં ખાસ પૂજા કરી હતી. તેમની નેપાળ યાત્રાના બીજા અને અંતિમ દિવસે પાંચમી સદીના પશુપતિનાથ મંદિરમાં મોદી પહોંચ્યા હતા. મળેલી માહિતી મુજબ આશરે ૪૫ મિનિટ સુધી મોદી ભગવાન શિવના મંદિરમાં રહ્યા હતા. શ્રાવણના મહિનામાં આજે સોમવાર હોવાથી શુભ દિવસ પણ હતો જેથી મોદી આ મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. નરેન્દ્ર મોદીએ પશુપતિનાથ મંદિર ટ્રસ્ટને ૨૫૦૦ કિલો ચંદનનું દાન કર્યું હતું. આ હિન્દુ મંદિર કાઠમંડુથી ત્રણ કિલોમીટર ઉત્તર પશ્ચિમે આવેલા ગામ ડિયોપાટણમાં બાગમતી નદીના કિનારે સ્થિત છે. નરેન્દ્ર મોદીની સાથે ભારત અને નેપાળના ટોચના અધિકારીઓ પણ રહ્યા હતા. પશુપતિનાથ મંદિરમાં દર વર્ષે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. સૌથી વધુ શ્રદ્ધાળુઓ ભારતથી જાય છે. આ મંદિરમાં મોટી સંખ્યામાં ભારતીય પુજારીઓ પણ છે. ચાર પુજારી અને એક મુખ્ય પુજારી રાખવાની પરંપરા રહેલી છે. મોદીએ આજે પ્રવાસના બીજા દિવસે ખાસ પૂજા પણ કરી હતી. આ અગાઉ મોદીએ વારાણસીમાં કાશીવિશ્વનાથ મંદિરમાં પણ ખાસ પુજા કરી હતી. મોદીએ પશુપતિનાથ મંદિરમાં રૂદ્રાભિષેકની વિધિ પણ કરી હતી. મોદીએ જે પૂજા કરી હતી તેમાં માત્ર નેપાળ રાજપરિવારના લોકો રહે છે. એટલે કે શાહી પરિવારના લોકો સિવાય માત્ર પુજારી હોય છે પંરતુ આજે વડાપ્રધાન મોદી પણ સામેલ થયા હતા. રાજપરિવારે મોદીને સામેલ કરવાની મંજુરી આપી હતી. ભગવાન પશુનાથ મંદિર વિશ્વ સાંસ્કૃતિક હેરીટેજમાં પણ સામેલ છે. આને નેપાળમાં સૌથી પવિત્ર મંદિરો પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. મોદીની નેપાળ યાત્રા અનેક રીતે ઐતિહાસિક રહી છે. પ્રથમ દિવસે મોદીએ ગઈકાલે નેપાળ સંસદમાં ઐતિહાસિક સંબોધન કર્યું હતું જેમાં નેપાળ માટે શ્રેણીબદ્ધ રાહતોની મોદીએ જાહેરાત કરી હતી. મોદીએ નેપાળના વડાપ્રધાન સાથે પણ વાતચીત કરી હતી. ઘણા બધા વિષયો ઉપર પોતાના અભિપ્રાય આપ્યા હતા.

કોમનવેલ્થ ગેમ્સની રંગારંગ કાર્યક્રમ વચ્ચે પૂર્ણાહૂતિ

ગ્લાસગો,તા. ૪

શાનદાર, ભવ્ય અને રંગારંગ કાર્યક્રમ વચ્ચે ૨૦માં કોમનવેલ્થ ગેમ્સની આખરે પૂર્ણાહૂતિ થઇ છે. પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં સુપર સ્ટાર પોપસ્ટાર કાયલી મિનોગ સહિતના અનેક કલાકારોએ દિલધડક પરફોર્મ કરીને ઉપસ્થિત લોકોને રોમાંચિત કરી દીધા હતા. બ્રિટનના વડાપ્રધાન ડેવિક કેમરુનની ઉપસ્થિતિમાં અન્ય ટોચના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કોમનવેલ્થ ગેમ્સના અધિકારી પ્રિન્સ એડવર્ડે રાષ્ટ્રમંડળના મુખ્ય પ્રતિનિધિ તરીકે ગ્લાસ્ગો ૨૦૧૪ના પૂર્ણાહૂતિની જાહેરાત કરી હતી. આની સાથે જ સ્કોટલેન્ડની યજમાની હેઠળ યોજાયેલા ખેલ મહાકુંભની પૂર્ણાહૂતિ થઇ હતી. પ્રિન્સ એડવર્ડે આ પ્રસંગે કહ્યું હતું કે, દરેક ચાર વર્ષમાં આ રમતો અમારી પરંપરાને વધુ સજીવન બનાવી દે છે. હવે ચાર વર્ષ પછી ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં ૨૧માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવામાં આવશે. ભવ્ય આતિશબાજી ૨૩મી જુલાઈથી શરૂ થઈને ૧૧ દિવસ સુધી ચાલેલા મહાકુંભની સમાપ્તિના સંકેત તરીકે હતી જેમાં કોઇ સમયે બ્રિટિશ સામ્રાજ્ય હેઠળ રહેલા ૭૧ દેશોના ૪૯૨૯ ખેલાડીઓ જોડાયા હતા. હેમ્પડેન પાર્ક નેશનલ સ્ટેડિયમમાં ૨૦૦૦થી વધુ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે મોટી સંખ્યામાં કલાકારો પણ ઉપસ્થિત રહ્યા હતા. લેસર લાઇટ અને સાઉન્ડ શોએ દર્શકોને રોમાંચિત કરી દીધા હતા. સમાપનની કાર્યક્રમની જવાબદારી આવા કાર્યક્રમો આપવામાં કુશળ ગણાતા જેક મોર્ટોને સંભાળી હતી.

ઓસ્ટ્રેલિયન સ્ટાર મિનોગનું દિલધડક પરફોર્મ ખુબ જ રોમાંચિત કરી દેનારું હતું. ગોલ્ડ કોસમાં હવે ૨૧માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવામાં આવશે જે ચોથીથી ૧૫મી એપ્રિલ ૨૦૧૮માં યોજાશે જેનો મુખ્ય સંદેશ આલ બેક ટુ અવર્સ રહેશે. આયોજન સમિતિના અધ્યક્ષ અને અન્યોએ ભાષણો આપ્યા હતા. કોમનવેલ્થ ગેમ્સમાં આ વખતે ઈંગ્લેન્ડનું વર્ચસ્વ રહ્યું હતું. ઈંગ્લેન્ડ મેડલ ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યું હતું. જ્યારે ઓસ્ટ્રેલિયા બીજા અને કેનેડા ત્રીજા સ્થાને રહ્યું હતું. યજમાન સ્કોટલેન્ડ ૧૯ સુવર્ણ ચંદ્ર સાથે ચોથા સ્થાને રહ્યું હતું. ભારત યાદીમાં પાંચમાં સ્થાને રહ્યું હતું. ઈંગ્લેન્ડે ૯૮ ગોલ્ડ, ૫૯ સિલ્વર, ૫૭ બ્રોન્ઝ સહિત કુલ ૧૭૪ મેડલ જીત્યા હતા. કોમનવેલ્થ રમતોત્સવમાં કુલ ૭૧ દેશોના ૪૯૨૯ ખેલાડીઓ જોડાયા હતા. ૨૩મી જુલાઈથી આની શરૂઆત થઈ હતી. ૧૧ દિવસ સુધી જુદા જુદા દેશોના એથ્લિટો વચ્ચે ચંદ્રકો જીતવા તીવ્ર સ્પર્ધા રહી હતી.

ભારતે કુલ ૬૪ ચંદ્રકો જીત્યા

ભારત પાંચમા સ્થાન પર

ગ્લાસ્ગો ,તા. ૪

ગ્લાસ્ગોમાં બવ્ય અને રંગારંગ કાર્યક્રમ વચ્ચે કોમનવેલ્થ ગેમ્સની પૂર્ણાહૂતિ થઇ છે. હવે ચાર વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં ૨૧માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવામાં આવશે. બીજી બાજુ ભારત કોમનવેલ્થ ગેમ્સમાં પાંચમા સ્થાને રહેતા તેને રાહત થઇ છે. ભારત આ ક્રમને લઇને સંતોષની લાગણી વ્યક્ત કરી છે. ભારત કોમનવેલ્થ ગેમ્સમાં ૧૫ સુવર્ણ, ૩૦ રજત અને ૧૯ કાંસ્ય સહિત કુલ ૬૪ ચંદ્રકો જીત્યા હતા. ભારતીય ખેલાડીઓ પણ રંગારંગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ભારત તરફથી સીમા પૂર્ણિયાએ નેતૃત્વ કર્યું હતું. ભારતીય ટીમ ટ્રેક સૂટ પહેરી સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી. કોમનવેલ્થ ગેમ્સમાં ઇંગ્લેન્ડ પ્રથમ સ્થાને રહ્યું હતું. રેકિંગને લઇને હમેશા ગુંચવણભરી સ્થિતિ રહે છે. સિલ્વર ચંદ્રકોને પણ ધ્યાનમાં લેવામાં આવશે. યજમાન સ્કોટલેન્ડ હજુ સુધીના સર્વશ્રેષ્ઠ દેખાવ સાથે ચોથા સ્થાને રહ્યું છે. તે ૧૯ સુવર્ણ જીતવામાં સફળ રહ્યું હતું.

ભાજપ દ્વારા સરકારનો આભાર મનાયો

યુપીએસસી પરીક્ષા : સરકારના ઉકેલને મિશ્ર પ્રતિસાદ મળ્યો

સમાજવાદી પાર્ટી, આરજેડી સરકારના નિર્ણયથી નાખુશ છે : સીસેટને નાબૂદ કરવા સમાજવાદી પાર્ટીની માંગણી

નવીદિલ્હી,તા. ૪

સરકારના ઉકેલને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. એક બાજુ શાસક પક્ષે આનું સ્વાગત કર્યું છે. ભાજપના નેતા જગદમ્બિકા પાલે ઉમેદવારો માટે જાહેર કરવામાં આવેલી રાહત બદલ સિંહનો આભાર માન્યો છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટીના નેતા ધર્મેન્દ્ર યાદવે આ ઉકેલને ફગાવી દઈને સીસેટને રદ કરી દેવાની માંગ કરી હતી. તેમણે કહ્યું છે કે, આ મુદ્દે અમે અમારા આંદોલનને જારી રાખીશું. આ ઉકેલથી કોઈ ફાયદો થશે નહીં. માંગણીને સંપૂર્ણપણે સ્વીકારવામાં આવે તે જરૂરી છે. યાદવની સાથે વિરોધમાં આરજેડીના જયપ્રકાશ નારાયણ પણ જોડાયા છે. ભાજપના સભ્ય એસએસ આહલુવાલિયાએ પણ સીસેટ મુદ્દા ઉપર આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે દાખલ કરવામાં આવેલા કેસ અંગે સ્પષ્ટતા કરવા કહ્યું છે. તેમણે કહ્યું છે કે, આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પેન્ડિંગ કેસોનું શું થશે. ભવિષ્ય વિદ્યાર્થીઓનો દાવ ઉપર છે જેથી સરકાર ખુલાસો કરે તે જરૂરી છે. સીસેટ પરીક્ષા વિવાદને લઈને છેલ્લા કેટલાક દિવસથી આંદોલન ચાલી રહ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓ સામે કેસ પણ દાખલ કરવામાં આવી ચુકયા છે. સીસેટ મુદ્દા સામે આંદોલન પર રહેલા વિદ્યાર્થીઓના ભાવિ સામે પ્રશ્નો ઉભા થયા છે ત્યારે આગામી દિવસોમાં આ અંગે ખુલાસો કરાય તેવી શક્યતા છે.

પીપલ્સ લિબ્રેશન ફ્રન્ટનો ખતરનાક શખ્સ પકડાયો

રાંચી,તા. ૪

ઝારખંડમાં પીપલ્સ લિબ્રેશન ફ્રન્ટના ટોપ કમાન્ડરની ધરપકડ કરવામાં આવી છે. સીપીઆઈ માઓવાદીથી અલગ થયેલા સંગઠન પીપલ્સ લિબ્રેશન ફ્રન્ટના ટોપ કમાન્ડર ૩૦ વર્ષીય જેઠાની ઝારખંડ પોલીસ દ્વારા ધરપકડ કરાઈ છે. અનેક ગુનાઓમાં તેની સંડોવણી રહેલી છે.

પોલીસે કહ્યું છે કે, બાતમી મળ્યા બાદ રાંચી અને ખુન્ટી સરહદ ઉપર આવેલા તેના અડ્ડામાંથી તેની ધરપકડ કરાઈ હતી. જેઠા ભૂતપૂર્વ કોંગ્રેસના ધારાસભ્ય દેવકુમારના ભાઈ રાજેન્દ્રકુમારની હત્યામાં મુખ્ય આરોપી છે. ૨૦૧૨માં આ હત્યા કરાઈ હતી. ઉપરાંત રાંચી અને ખુન્ટી જિલ્લામાં ૫૦થી વધુ હત્યા કેસમાં તેની સંડોવણી રહેલી છે અને તે મોસ્ટવોન્ટેડ બંડખોર તરીકે રહ્યો છે. તેના ઉપર બે લાખનું ઈનામ પણ જાહેર કરાયું હતું. ઝારખંડ પોલીસે ૨૦૧૨માં પીપલ્સ લિબ્રેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયાને રાજ્યની આંતરીક સુરક્ષા માટે સૌથી મોટા ખતરા તરીકે ગણાવીને આની નોંધ લીધી હતી. ઝડપાયેલા શખ્સ પાસેથી એકે-૪૭ રાઈફલ અને દારૂગોળાનો જથ્થો જબ્ત કરાયો છે. ઝારખંડમાં મોટી સંખ્યામાં બળવાખોરો હજુ પણ સક્રિય થયેલા છે. તેની ધરપકડને મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. પીએલએફઆઈના બંડખોરોને ખદેડી મુકવા ઝારખંડ પોલીસે હાલમાં જ ઓપરેશન હાથ ધર્યું હતું.

ઈઝરાયેલ દ્વારા સાત કલાકના યુદ્ધવિરામની ફરીવાર જાહેરાત

ગાઝા,તા. ૪

રક્તપાતના દોર વચ્ચે આજે સવારે ઈઝરાયેલે સાત કલાક માટે માનવતાવાદી યુદ્ધવિરામની જાહેરાત કરી છે. ઈઝરાયેલે એકપક્ષી યુદ્ધવિરામની જાહેરાત કરતા કેટલાક દેશો ભારે આશ્ચર્યચકિત છે. મોટા ભાગના લોકોનુ કહેવુ છે કે હુમલામાં મોટી સંખ્યમાં માસુમ બાળકો અને નિર્દોષ લોકોના મોત બાદ તેની ચારે બાજુ થઇ રહેલી ટિકા વચ્ચે આ યુદ્ધવિરામની જાહેરાત ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી છે. સાત સપ્તાહથી હમાસ સાથે ઈઝરાયેલની લડાઇ ચાલી રહી છે. દરમિયાન લડાઈમાં મોતનો આંકડો વધીને ૧૮૦૦ સુધી પહોંચી ગયો છે. બીજી બાજુ ગોલ્ડીનના મોતની સાથે ઈઝરાયેલના પક્ષે મોતનો આંકડો વધીને ૬૪ થયો છે. લેબનીઝ હેઝબોલ્લાની સામે જંગમાં વર્ષ ૨૦૦૬માં જેટલા જવાન માર્યા ગયા હતા તેના કરતા પણ વધુ જવાનના મોત થયા છે. આઠમી જુલાઇના દિવસે લડાઈની શરૂઆત થયા બાદથી ઓછામાં ઓછા ૧૮૦૦ પેલેસ્ટેનિયનોના મોત થયા છે. જ્યાર ૭૦૦૦થી વધારે ઘાયલ થયા છે. લડાઈમાં ૬૪ ઈઝરાયેલી સૈનિકોના મોત થયા છે. તેના ૪૦૦થી વધારે જવાનો ઘાયલ થયા છે. સૌથી ચિંતાજનક અને દુખદ બાબત એ છે કે હુમલામાં માર્યા ગયેલા લોકો પૈકી ૮૦ટકા નાગરિકો છે અને આમાં પણ મોટા ભાગે મહિલાઓ અને માસુમ બાળકો છે. આઠમી જુલાઇના દિવસે શરૂ કરવામાં આવેલા હુમલા ૨૧ દિવસ સુધી ચાલ્યા બાદ યુદ્ધવિરામની કામચલાઉ જાહેરાત કરવામાં આવી હતી પરંતુ ટુંકા યુદ્ધવિરામ બાદ ફરી હુમલાઓ શરૂ થયા હતા. હમાસ અને ઈઝરાયેલ વચ્ચે આઠમી જુલાઇના દિવસે લડાઈની શરૂઆત કરવામાં આવ્યા બાદ બે વખત યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હોવા છતાં તંગદીલી ઘટી નથી. વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી લાંબી કાર્યવાહી ઈઝરાયેલે કરી છે.યુદ્ધવિરામના પગલાને શંકાથી જોવાય છે.

ચીનના વિનાશક ભૂકંપમાં ૧૨૦૦૦થી વધુ મકાનો અને ઈમારતો ધરાશાયી

બેજિંગ,તા. ૪

ચીનના દક્ષિણ પશ્ચિમ યુનાન પ્રાંતમાં ગઈકાલે આવેલા ૬.૩ની તીવ્રતા સાથેના ભૂંકપમાં મોતનો આંકડો ઝડપથી વધીને આજે સવારે ૪૦૦ ઉપર પહોંચી ગયો હતો. વિનાશકારી ભૂંકપમાં ૧૨૦૦૦થી વધુ મકાનો અને ઈમારતો પત્તાના મહેલની જે ધરાશાયી થઈ ગયા હતા. કાટંમાળ હેઠળ લોકોની શોધખોળ ચાલી રહી છે. આ પ્રચંડ ભૂંકપમાં આશરે ૨૦૦૦ લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકને ગંભીર ઈજા પણ થઈ છે. સેંકડો લોકો લાપતા દર્શાવવામાં આવ્યા છે. ધરતીકંપના કરાણે વિઝળી અને પરિવહન સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. સ્કૂલ સહિતની શ્રેણીબદ્ધ ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. મોતનો આંકડો ખુબ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભૂકંપ બેજિંગના સમય મુજબ સાંજે ચાર વાગે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર લોંગટુશાન ટાઉનશીપમાં હોવાનું જાણવા મળ્યું છે. ઝાઓતોંગ શહેરના લુડિયન કાઉન્ટીથી દક્ષિણ પશ્ચિમ દિશામાં ૨૩ કિલોમીટરના અંતરે ભૂકંપનું કેન્દ્ર હતું. એકલા લુડિયન કાઉન્ટીમાં ૧૫૦થી વધુ લોકોના મોત થયા છે જ્યારે સેંકડો લોકો લાપત્તા થયા છે. ભૂકંપના કારણે ૧૨૦૦૦થી વધુ મકાનો ધરાશાયી થઈ ગયા છે જ્યારે ૩૦૦૦૦ મકાનોને નુકસાન થયું છે. વિજળી, પરિવહન અને દૂરસંચાર

સેવાઓ ઠપ થઈ ગઈ છે. અમેરિકાના ભૂકંપ સંબંધિત વિભાગે કહ્યું છે કે, લુડિયન કાઉન્ટીમાં ભુકંપનું મુખ્ય કેન્દ્ર હતું. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. હજારો લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. એક સ્કૂલ પણ ધરાશાયી થઈ ગઈ છે. ડિઝાસ્ટર ઝોનમાં ૨૦૦૦ ટેન્ટ, ૩૦૦૦ ફોલ્ડિંગ બેડ, ૩૦૦૦ કોટ મોકલવામાં આવ્યા છે. બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત લોકોનું કહેવું છે કે, મોતનો આંકડો ખુબ વધી શકે છે. કારણ કે, જે વિસ્તારમાં ભૂકંપનું કેન્દ્ર હતું તે લુડિયનમાં ૨૬૫૯૦૦ જેટલા લોકો રહે છે. ચીન વિશ્વના સૌથી ભૂકંપ પ્રભાવિત વિસ્તારો પૈકી એક છે. લુડિયનમાં અન્ય ચીનના વિસ્તારોમાં અગાઉ પણ ભૂકંપ આવી ચુકયા છે. ચીનમાં ૨૦૦૮માં સિચુઆન પ્રાંતમાં વિનાશકારી ભૂકંપ આવ્યો હતો જેમાં ૭૦૦૦૦ લોકોના મોત થયા હતા. જાણકાર લોકોનું કહેવું છે કે, આ ભૂકંપમાં પણ મોતનો આંકડો ખુબ ઉપર જઈ શકે છે. કારણ કે કાટમાળ હેઠળથી મૃતદેહો હાથ લાગી રહ્યા છે. ચીનમાં વિનાશકારી ભૂંકપના અહેવાલ ફેલાતાની સાથે જ વિશ્વભરના દેશોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. કારણ કે ચીનમાં મોટી સંખ્યામાં જુદા જુદા દેશોના લોકો રહે છે. સાથે સાથે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જો કે, ભૂકંપના કારણે મોબાઈલ અને ફોન સેવા ઠપ થઈ ગઈ હતી જેથી પ્રાથમિકરીતે વધુ માહિતી હજુ સુધી પ્રાપ્ત થઈ શકી નથી.

સમાચાર ઝલક

- મધ્યપ્રદેશમાં સાત લાખ બાળ શ્રમિકો.
- સુરતમાં બીગ બોસ અમિતાભ બચ્ચનના આવકાર અને ઉત્સાહથી ગદગદિત બન્યા.
- સાબરકાંઠામાં આદિવાસી બાળકી પર બળાત્કાર : શ્રી શંકરસિંહ વાઘેલાની કડક ટીકા
- ભોજનમાં વંદો આવતાં રેલવેએ કોન્ટ્રાકટરને એક લાખનો દંડ ફટકાર્યો.
- અંકલેશ્વરમાં ચોરી કરવા ઘૂસેલા ચોર પર દીવાલ પડતાં મોત.
- સુરતના વિસમી કાસદ અને ટીમે ૧૨ હજાર ખીલાના ૬ લેયર પર સુઈ નવો વર્લ્ડ રેકર્ડ તોડયો. ગ્રીનીચ બુકમાં ટોપ ટેનમાં સ્થાન મળ્યું.
- લજ્જા ગોસ્વામીએ કોમનવેલ્થમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો. ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન ન મળતાં રમત પ્રેમીઓમાં અફસોસ.
- ડીઝલના ભાવ આપોઆપ અંકુશ મુકત થશે પરિણામે બળતણ સસ્તુ થશે.
- બાંગ્લાદેશના લેખિકા તસ્લીમા નસરીનની ભારતમાં કાયમી વસવાટ કરતી માંગણી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સજાગતાથી સંસદસભ્યોની સક્રિયતા વધી.
- આતંકવાદીઓ જેલમાં રહીને હુમલાના ષડયંત્રો રચી રહ્યા છે - ઈન્વેસ્ટીગેશનનો ઘટસ્ફોટ.
- ખેડૂતને એક વર્ષમાં એક વખત ૭ અને ૮ અ નો ઉતારો મફત મળશે.

શિક્ષણના શુદ્ધીકરણનો યજ્ઞ...

(પાના નં. ૪ નું ચાલુ)

આપણા આવા અદ્‌ભૂત જ્ઞાનના પ્રાચીન સંદર્ભોને અર્વાચીન શોધો સાથે સરકાવવાથી વિદ્યાર્થીના મનમાં ભારતના ગૌરવપૂર્ણ વારસાની છબિ દૃઢ થશે. આમાં કોઇ રાજકારણ નથી. આ વિષયને રાજકીય રંગ આપવાને બદલે ખેલદિલીથી સ્વીકારવો જોઇએ. એક અંગ્રેજી ઉક્તિ જોઇએ -

A tree must love the ground
On which it Stands.

ભારતમાં જન્મેલા બાળખને ભારતીયતા સાથે શું ન જોડી શકાય? ભારતની માટીની મહેક એના વ્યક્તિત્વમાં પ્રગટવી ન જોઇએ? અને પ્રશ્નનો પ્રશ્ન - મહાપ્રશ્ન - યક્ષપ્રશ્ન એ છે કે શિક્ષણનું ભારતીયકરણ ભારતમાં નહીં થાય તો ક્યાં - અમેરિકા, ઇંગ્લેન્ડ, જાપાન કે જર્મનીનાં થશે?

હું ઇચ્છું કે આવા સત્ત્વશીલ વિષય પર વાદ-વિવાદ પ્રતિવાદ નહીં પણ સંવાદ થાય!

ભારત જાગે - ભારતીય જાગે - ભારતીયતા વ્યાપે...

એવી અભીપ્સા સાથે વિરમું છું.

વિમા બિલ પર મતભેદ અકબંધ રહ્યા

નવીદિલ્હી,તા. ૪

ભારે ચર્ચા જગાવનાર વિમા સુધારા બિલ ઉપર આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી પરંતુ સર્વપક્ષીય બેઠકમાં મતભેદો દૂર કરવામાં સફળતા હાથ લાગી ન હતી. આ બિલ ઉપર રાજ્ય સભામાં ચર્ચા થનાર હતી. બેઠકમાં સામેલ થયેલા નેતા આ બાબત ઉપર સહમત થયા હતા કે, જટિલ વિષય ઉપર નેતાઓ વચ્ચે આગામી બે દિવસમાં ફરી બેઠક થશે. કારણ કે, સંસદ ભવનમાં આજે યોજાયેલી બેઠકમાં કોઇ બાબત નક્કી થઇ શકી ન હતી. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા પ્રફુલ પટેલે બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આ બેઠકમાં કોઇ બાબત નક્કી થઇ શકી ન હતી. આ બાબત ઉપર સહમતી થઇ છે કે, આગામી બે દિવસમાં ફરીવાર બેઠક યોજાશે. આ બિલના સંદર્ભમાં સંભવિત ફોર્મ્યુલા ઉપર કોઇ સર્વસંમતિ સાધવાનો પ્રયાસ કરવામાં આવશે. એનસીપી અને બીજેડી દ્વારા હાલમાં જ પ્રધાનમંડળ દ્વારા કેટલાક સુધારાની સાથે સ્વીકૃત આ બિલને એ સ્વરુપમાં સમર્થન આપવાની જાહેરાત કરી હતી. આજની સર્વપક્ષીય બેઠક સરકારના સૂચન બાદ થઇ હતી. રાજ્યસભામાં વિપક્ષના નેતાઓને પણ બિલ ઉપર સાથે લઇ શકાય તે હેતુસર આ બેઠક યોજાઈ હતી. સરકાર તરફથી આમા નાણાપ્રધાન અરુણ જેટલી, સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુ સામેલ થયા હતા. આ અગાઉ નવ વિપક્ષી સભ્યોએ અધ્યક્ષ હમીદ અન્સારીને મળીને એક નોટિસ આપી હતી અને બિલને એક સમિતિ સમક્ષ મુકવાની માંગ કરી હતી. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને અન્યો દ્વારા આ મુજબની માંગ કરવામાં આવી હતી. પસંદગી સમિતિ સમક્ષ આ બિલ મુકવાની રજૂઆત કરાઈ હતી. રાજ્યસભામાં એનડીએ પાસે બહુમતી નથી જેથી વિચારણા માટે પ્રથમ નેતા આર્થિક સુધારા બિલને આગળ વધારવા અન્ય પક્ષોના સમર્થનની માંગ કરવામાં આવી છે. સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ ગઈકાલે જ કહ્યું હતું કે, તેઓ અને નાણામંત્રી કોંગ્રેસ અને વિરોધ પક્ષો સાથે બિલના જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા કરશે. સાથે સાથે વિમા સેક્ટરમાં એફડીઆઇ મર્યાદાને ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરવાના મુદ્દે રજૂઆત કરશે. બિલને પસાર કરવામાં સહકાર આપવા વિરોધ પક્ષોને નાયડુ દ્વારા અપીલ કરવામાં આવી હતી અને કહ્યું હતુ કે, વિપક્ષના મહત્વપૂર્ણ સૂચનો વિચારવા માટે સરકાર તૈયાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિમા બિલને લઈને ભારે હોબાળો મચેલો છે.